॥ सा विद्या या विमुक्त ये ॥

# શારદ

વર્ષ | જાન્યુઆરી ૧૯૮૫ | અંક : ૬

## "બાળકો સમજે છે પ્રેમની ભાષા"

હીરક મહોત્સવની ઉજવણી પ્રસંગે કલ્પના પણ ન હતી કે પૂ. કાકાભાઇ આ ઉજવણી પૂરી થતાં જ ચાલ્યા જશે, જાણે કે આ ઉજવણી પુરતી રાહ જોતાં હોય તેમ સૌને લાગ્યું.

આજથી સાઠેક વર્ષ પહેલાં સ્ત્રી કેળવણીનો પ્રચાર નહીંવત હતો અને બાળકેળવણી વિશે તો જાણે કોઈ વિચારતું જ ન હતું. જેમની જન્મશતાબ્દી ગુજરાતભરમાં આ વર્ષે ઉજવાઈ રહી છે તે શ્રી ગિજુભાઈ બધેકાએ ૧૯૨૦માં ભાવનગરમાં દક્ષિણામૂર્તિના બાલમંદિરમાં બાળકેળવણીનો પાયો નાંખ્યો. બાળકેળવ ની જ્યોત અમદાવાદમાં અને ગુજરાતમાં પૂ શ્રી કાકાભાઈ (શ્રી ભોગીભાઈ એ પ્રગટાવી. ૧૯૨૪માં શારદામંદિરની સ્થાપના કરીને.

ઈ સ. ૧૯૨૬માં સ્વ પૂ. શ્રી ભોગીભાઈ યુરોપના પ્રવાસે ગયાં હતા. ત્યાં લોકાર્નોમાં ભરાયેલી શિક્ષકોની 'વર્લ્ડ કોન્ફરન્સ' માં ભાગ લીધો હતો. ત્યાંના કાર્યકરોએ ત્યાંની સંસ્થાઓ જોવાનું તેમને આમંત્રણ આપ્યું. ત્યાંના બાલમંદિરમાં એવો નિયમ હતો કે બાળકોને દૂરથી જોવાના પરંતુ તેમને તો બાળકોની વચ્ચે જવુ હતું, તેમના મિત્ર બની જવું હતું.

બાળકો નીચે રમતા હતાં તેઓ ઉપર હતા. ઉપરથી અભિનય અને હાવભાવ દ્વારા તેમણે બાળકોનું મન જીતી લીધુ. પછી તો બાળકોએ જોરશોરથી 'નીચે આવો, નીચે આવો,'ની બૂમો મારી. તેમને તેઓની પાસે બોલાવ્યા તેમણે બાળકોને ભીમ અને કૃષ્ણની વાર્તા કહી. તેઓ બાળકો સાથે ઓતપ્રોત થઈ ગયા. તેમ તેમની બાળક સાથેની તન્મયતા. અગાધ પ્રેમ અને બાળકના વ્યક્તિત્વ ઉપરનો પૂર્ણ વિશ્વાસ જણાય છે. બાળક, આખીય દુનિયાનું બાળક સમજે છે ફક્ત પ્રેમની ભાષા.

તેઓ ક્યારેક બાલમંદિરમાં પણ આવી ચડતા, બાળકોને ભીમ અને કૃષ્ણની વાર્તા કહેતાં, તેઓ બાળકમય બની જતાં. બાળકોનો આનંદ એ જ એમનો આનંદ બની જતો.

પાછળના દિવસોમાં ક્રિડાંગણમાં મંજીરા વાગતાં જે બાળકો દોડીને ઓરડામાં જતાં તે જોઇ તેઓ આનંદ



વિભોર બની જતાં, બાળકોની કેળવણી માટેના સુંદર ઉદ્ગારો તેમના મુખમાંથી આપોઆપ સરી પડતાં કે બાળકો કેવી સરસ તાલીમ પામ્યાં છે. તેમનાં હીંચકા પર બેસી હમેશ અનિમેષ નયને ફક્ત બાળકોને જ નીરખ્યા કરતાં અને પોતાની જાતને ધન્ય માનતાં હતાં.

શાળાનો હીરક મહોત્સવ ઉજવાય છે તેનુ ગૌરવ અનુભવતા જાણે આ મહોત્સવ જોવા જ તેમનો દેહ આનંદથી બાળકો વચ્ચે ના ટકી રહ્યો હોય? "તેમનો ફાળો આટલાં વર્ષોમાં ક્યાં ક્યાં નથી! .. તે કહેવું મુશ્કેલ છે; સંસ્થાના પાયામાં ઇમારતમાં, તેની અગાસીમાં, જ્યાં જુઓ ત્યાં ઇંટ રૂપે. ચૂના રૂપે કે કારીગર રૂપે અગર તો ઇજનેર રૂપે શ્રી ભોગીભાઈ જ દેખાય છે."

હિનુભાઈના વંદન

## બાલમંદિર

તા. ૧૪-૧૨-૮૪ને શુક્રવારે હીરક મહોત્સવનો પ્રથમ દિવસ હતો. બાલમંદિરનાં પટાંગણમાં આવેલ ચોતરા ઉપર સરસ્વતીનું સ્થાપન કરવામાં આવ્યુ. આજુબાજુ ફુલોની સુંદર રંગોળી પુરી સુશોભન કરવામાં આવ્યું. દીપમાળા પ્રગટાવવામાં આવી અને ધૂપની સુગંધથી સારૂંએ વાતાવરણ મ્હેંકી ઊઠયું. સવારના ૮-૩૦ વાગ્યાનાં સુમારે વાતાવરણ શરણાઇનાં સુરોથી ગૂંજી ઊઠયું સરસ્વતી-પૂજન કર્યા બાદ ભોજન સમારંભમાં હાજરી આપવા બાળકો મોટી સંખ્યામાં એક પછી એક આવવા માંડયાં.

સૌ પ્રથમ બાળકોએ પ્રાર્થના કરી સંગીતની મોજ માણી. બાળકોએ સંગીત કર્યું તે દરમ્યાન ભોજનની વ્યવસ્થા થઇ ચુકી હતી. બરાબર સાડાદસના ટકોરે બાળકો ભોજન માટે આસન પર બેસી ગયાં. શિખંડ, પુરી, બટાકાવડા, ફ્લાવર વટાણાનું શાક, કચુંબર, કઢી, ભાત અને પાપડ બાલમંદિરની બહેનોએ હેતથી પીરસ્યુ. ભોજન પીરસતાં પીરસતાં જોડકણાંની રમઝટ જામી. ૐ સહનાવવતુની પ્રાર્થના કર્યા બાદ બાળકોએ સમૂહ ભોજનનો આનંદ લીધો. ધાર્યા કરતાં બાળકો ખૂબ ઉત્સાહ અને આનંદથી ધરાઈ ધરાઈને જમ્યા. ભોજન સમયે હાજર રહેલા વાલી-વર્ગને બાળકોએ આશ્ચર્યમાં મુકી દીધાં! કે નાનાં બાળકો આટલું સરસરીતે જમે છે?

બપોરના ૪ વાગ્યાના સુમારે પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ. આ પ્રદર્શનમાં બાળકોએ કરેલી સુંદર કલાકૃતિઓના નમુના મુકવામાં આવ્યા હતા. આ પ્રદર્શન વાલીઓએ ઘણા જ રસપૂર્વક જોયું. પોતાના બાળકોની કલાકૃતિ જોઈ ખુશ થયા. બે દિવસ આ પ્રદર્શન જોવાનો લાભ સૌએ ઉઠાવ્યો.

જયોત્સનાબેન શોધન




## શિશુમંદિર

શિશુમંદિરનો રસોત્સવ તા. ૫-૧૨-૮૪ના રોજ સવારે ૯-૩૦ કલાકે "ટાગોરહોલ" માં યોજાયો હતો. ગરબા સ્પર્ધા અને સમૂહગીતોની સ્પર્ધાના કાર્યક્રમમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જેનું પરિણામ નીચે મુજબનું આવ્યુ.

**"સમૂહગીત" પ્રથમ** :- 'જય ગીરા ગુર્જરી તારો'
–રત્નદીપ

દ્વિતીય :- 'હે ચલો જંગલની વાટ....'
–ગંગોત્રી

**"ગરબા" પ્રથમ** :- નેહલડો મારો ગાજે રે.. ....
–ગંગોત્રી

**દ્વીતીય** :- વ્હાલે વગાડયું એવું વાજીંતર
**–મેઘનાદ**

આ સૌં કલાકારોને અભિનંદન.

* ૧૯૮૪માં 'શંકર્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ કોમ્પીટીશન'-માં નીચેનાં બાળકો પારિતોષિકને પાત્ર થયાં છે, તે માટે તેમને અભિનંદન .

(૧) કોમલ બોડીવાલા ધો. ૩ क

(૨) સુજલ મુન્શી ધો. ૨ क

પહેલી બીજી અને ત્રીજી ઓકટોબર ૧૯૮૪માં યોજાયેલ "૨૩મી ઓલ ઇન્ડિયા ઓપન રોલર સ્કેટીંગ ચેમ્પિયનશીપ હરીફાઈ"મા ૧૦ વર્ષથી નીચેના વિદ્યાર્થીઓમાં ચાંદની પંકજભાઈ પટવા ૫ ब પ્રથમ સ્થાન મેળવીને 'આર્ટિસ્ટીક સ્કેટીંગ' અને 'સ્પીડ સ્કેટીંગ'માં છ ગોલ્ડ મેડલ મેળવે છે બંને વિભાગમાં ચેમ્પિયનશીપ મેળવીને બે ટ્રોફી મેળવી છે. તા. ૫,૬ જાન્યુઆરીનાં રોજ યોજાયેલ સ્ટેટ રોલર સ્કેટીંગ ચેમ્પીયનશીપ હરિફાઇમાં ૧૦ વર્ષથી નીચેના ગ્રુપમાં પણ બેન ચાંદની છ વિભાગમા ગોલ્ડ મેડલ ચેમ્પિયનશીપ મેળવે છે.

**કુમુનભાઈ શાહ**



## વિનયમંદિર

### મુલાકાત

પ્રો. શ્રી ટી. જે. પુરાણીએ 'Why read in modern age' વિષય પર અંગ્રેજીમાં સુંદર પ્રવચન આપ્યું. જેમાંથી વિદ્યાર્થીઓને ઘણું વિચારવાનું મળ્યું.

પ્રાધ્યાપક શ્રી શશિકાંત જી. યાજ્ઞિકે ગુજરાતી ભાષામાં થતી વ્યાકરણ અને ઉચ્ચારની ભૂલો' વિષય પર મનનીય પ્રવચન આપ્યું. વિદ્યાર્થીઓ જીવનમાં આ ઉતારે તો ઘણી ભૂલોને દૂર કરી શકે તેમ હતું.

તા. ૨૪-૧૧-૮૪નાં રોજ યુનેસ્કોનાં સ્કુલ ઓફ એજ્યુકેશનનાં ડાયરેકટર શ્રી રવિન્દ્રભાઈ દવેને શાળામાં પ્રવચન આપવા માટે આમંત્રણ આપવામાં આવ્યું તેઓ હાલ જર્મનીમાં રહે છે, અને આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક ક્ષેત્રેખૂબ સારૂં કાર્ય કરી રહ્યાં છે. તેમણે વિદ્યાર્થીઓ સમક્ષ 'શિક્ષણની હાલની પરિસ્થીતી અને તેનું ભાવિ તથા યુનેસ્કોની તેને અંગેની કામગીરી' પર માહિતીસભર વ્યાખ્યાન આપ્યું. તેમની શૈલી પણ ખૂબ રસપ્રદ હતી.

### અભિનંદન :-

ગુજરાત યુનિવર્સીટી તરફથી યોજાતી હરિઓમ આશ્રમ પ્રેરિત આર્યભટ્ટ વિજ્ઞાન પ્રતિભા શોધ સ્પર્ધામાં માધ્યમિક કક્ષાએ ધો. ૧૦અમાં અભ્યાસ કરતાં ભાઇ રૂપલ અમીન પ્રથમ ઇનામ, મેળવવા ભાગ્યશાળી નીવડયાં છે તે બદલ તેમને અભિનંદન.

હિલ ચેલેન્જ શિલ્ડ ઉપરાંત શાળાકક્ષાનો દિવાન બલ્લુભાઇ કપ મેળવવા બદલ શાળાનાં સૌ ક્રિકેટ ભાઈઓને અભિનંદન.

વેસ્ટ ઈંડીઝની School boys ટીમ સામે રમનાર ભારતની School boysની ટીમ માટે પસંદગીપાત્ર થનાર ભાઇ શ્રવણ કિંનારીવાળાને અભિનંદન

સોળ વર્ષની નીચેની વયનાં વિદ્યાર્થીઓ માટેની વિનુ માંકડ ટ્રોફીમાં તપન નાયક પસંદગી પામ્યાં તેમજ બિંદેશ શાહ, ગુંજન ત્રિવેદી અને શ્રવણ કિનારીવાલા કૂચ બિહાર ટ્રોફી ટુર્નામેન્ટ માટે પસંદગી પામ્યા તે માટે તે સૌને અભિનંદન.

ક્રિકેટ ટુર્નામેન્ટમાં શ્રી ગુંજન ત્રિવેદી, શ્રવણ કિનારીવાળા જીતષ દેસાઈ, અતુલ મોદી, અજય નવલખા વગેરેને બેટસમેન, બાલર અને ઓલરાઉન્ડરના ઈનામો મળ્યાં છે તે માટે તેમને અભિનંદન.

શ્રી નિરંજનભાઈ મહેતાને બેસ્ટ મેનેજર/ઈન્ચાર્જ નું ઇનામ પ્રાપ્ત થયુ તે માટે અભિનંદન.

**દેવેન્દ્રભાઇ ઠાકર**

## પ્રેમ અને પ્રેરણા

'રાજુ, જો જે ભૂલતો નહીં, કાગળ જરૂર લખજે અને "હાં પેલો ફોટો, તારો, જલ્દી મોકલી આપજે" "ને હવે વેકેશનમાં આવે છે ને? જો જે કાકાને ત્યાં નહી, મારે ત્યાં જ આવવું પડશે,...હોં જયદીપ!" આવી જાતજાતની વાતો તા. ૨જીની સાંજે સૌરાષ્ટ્ર જનતા પર ઈન્ટરેકટર્સનાં ભાવભર્યા અવાજોમાં સાંભળવા મળી ત્યારેજ સમજાયું કે સાહજીક રીતે જ યોજાયેલ આ કલ્ચરલ ઇન્ટરેક્ષેન્જ પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓએ કેટકેટલો પ્રેમ કેટકેટલી હુંફ, કેટલું જ્ઞાન, કેટલી પ્રેરણા મેળવી!

તા. ૨૧મી ડિસેમ્બરની રાત્રે ગુજરાત મેઇલમાં અહીંથી મુંબઇ જવા માટે વિદાય લીધી ત્યારે સૌ કોઈના મનમાં ખૂબ ઉમંગ હતો, આનંદ હતો છતાંય કોકના મનમાં વ્હાલા વડીલોનો છોડયાનો વિષાદ પણ વરતાતો હતો પરંતુ ત્યાંથી આવવાને દિવસે જોયું તો, એજ પ્રેમભૂખ્યા બાળકો "માસી આશીર્વાદ આપો" કહી સ્ટેશન પર પગે લાગતાં પણ જોયાં ને ત્યારે મને થયું કે આ કાર્યક્રમથી 'પારકાનો પ્રેમ જીતી તેમને પોતાનાં કેમ કરવાં' એ કળા આ વિદ્યાર્થીઓએ સાચેજ હસ્તગત કરી લીધી છે. તે પણ આટલાં ટૂંકા ગાળામાં તે સાથે તેમણે કેટકેટલું મેળવ્યું! માનવ જેટલો બહારની દુનિયામાં ફરે છે તેટલી તેની દ્દષ્ટિ વિશાળ બને છે. તે ઘણું બધું પામી શકે છે, શીખી શકે છે ને જીવનમાં તેને ઊતારીને જીવનને પ્રગતિશીલ બનાવી શકે છે. જીવનની આ પ્રગતિનાં બીજ તેને મળતી પ્રેરણામાંથી જ ફુલે છે ફાલે છે ને તે આ પ્રોગ્રામથી વિદ્યાર્થીઓએ અનુભવ્યું. 'મારે હવે આમ કરવું જ છે, આપણે હવે આ પ્રોજેકટ કરવાનો જ છે. હવે આપણે આ કાર્ય ઉપાડવું છે....એ થનગનાટ, એ ઉત્સાહ એ પ્રેરણા આ કાર્યક્રમે તેમનામાં જાગૃત કર્યા.... 'હું કંઈ કરું, હું કંઈ કરીશ જ' એ ભાવના જાગૃત થઇ ને જાતની પ્રવૃત્તિનાં પ્રારંભની પ્રેરણાનાં તેમનામાં સિંચન થયાં.

શારદામંદિર અને સરલાસર્જનનાં સંયુક્ત ઉપક્રમે તા. ૨૨ ડીસેમ્બરથી ૨જી જાન્યુ. સુધીમાં cultural Inter-exchange Programme માંથી મેળવેલાં આ પ્રેમ અને પ્રેરણા આનાથી મહામૂલી મૂડી જીંદગીમાં હોઇ પણ શું શકે!'

**ઊર્મિલા શાહ**

'હીરક મહોત્સવ' અનુસંધાન પાન ૪નું ચાલુ

સફળ થાય તે માટે ખૂબ જ શ્રમ ઉઠાવ્યો છે. અને તેના આયોજનમાં ખૂબ જ સમય ફાળવ્યો છે. તે ઉપરાંત સમિતિના સૌ માનનીય સભ્યશ્રીઓએ વખતોવખત માર્ગદર્શન આપ્યુ છે. વિશેષ કરીને ભાઈશ્રી અનિલ મહેતાએ વખતો વખત શાળામાં આવીને તેમજ જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે કામની જવાબદારી ઉઠાવી છે. આ બધા સ્વજનો હોવાથી આભાર માનવાની આવશ્યકતા ન હોવા છતાં તેમણે અમને જે ઉત્સાહ માર્ગદર્શન અને સહકાર આપ્યા છે ત લાગણી વ્યક્ત કરતાં ગૌરવ અનુભવીએ છીએ.

# સંસ્થાના હીરક મહોત્સવની ઊજવણી

૧૯૨૪માં પાંચ વિદ્યાર્થીઓથી જેનો પ્રારંભ થયો હતો તેવું 'શારદામંદિર' ૬૦ વર્ષની મજલ કાપીને જ્યારે ઘેઘૂર વડલા સમુ બન્યુ હોય, જેની છત્રછાયા નીચે અનેક વિદ્યાર્થીના ભાવિજીવનના ઘડતર થતાં હોય ત્યારે તેનો ઉત્સવ ઊજવવો એ અનેરા આનંદની વાત બની રહે એ સ્વાભાવિક છે.

કોઇ વ્યક્તિનાં જીવનમાં હીરક મહોત્સવ ઉજવાય ત્યારે તે અંતિમતાની પળ તરફ પગરણ પાડી રહી છે, તેનું થોડું દુઃખ થોડે ઊંડે પણ રહે છે. પરંતુ આવી સંસ્થાનો હીરક મહોત્સવ ઊજવાય ત્યારે! ત્યારે તેણે સાધેલી પ્રગતિનો અનેરો આનંદ તો હોય જ પણ સાથે સાથે ભવિષ્યમાં પ્રગતિ પામશે તેવી પ્રેરણા પણ હોય અને એટલે તા. ૧૪, ૧૫, ૧૬ ડિસેમ્બરનાં રોજ ઉજવાયેલ સંસ્થાના હિરક મહોત્સવ પ્રસંગે સૌ કોઇનો આનંદ અનેરો હતો શાળામાં અભ્યાસ કરતાં લગભગ ૨૫૦૦ વિદ્યાર્થીઓ અને શાળા સાથે સંકળાયેલ સૌ કોઇ વ્યક્તિનાં હૃદયમાં બસ એક જ ભાવ હતો, 'એવું કંઇક કરીએ કે તેની સ્મૃતિ સદાય સ્મરણપટ પર અંકિત રહી જાય' અને આ કંઈક કરવાની ધગશે આ ત્રણ દિવસનાં કાર્યક્રમોનાં આયોજનને ભરચક બનાવી દીધું.

તા. ૧૪મી ડિસેમ્બરની એ શુકનિયાળ સવાર થતાં જ બંને સ્કુલ શરણાઇનાં સૂરોથી ગાજી ઊઠી અનેરા આનંદનું વાતાવરણ ચારેકોર ફેલાઇ ગયું. એકબાજુ આનંદમેળાની પ્રવૃત્તિ જોર શોરથી ચાલુ હતી. 'મારે મારો સ્ટોલ સુંદર શણગારવો છે," તો બીજાને થતું હતું, "મારી વાનગી તો સર્વોત્તમ હોવી જ જોઇએ' સર્વોત્તમતાનાં શિખર સર કરવાની સૌની નેમ હતી સૌને સ્નેહથી સત્કારવાની પ્રબળ ઇચ્છા હતી ને એ આનંદમેળાનું દશ્ય જોતાં જ થયું. આ 'ઉગતા લોહીમાં કેટલો થનગનાટ છે! કેટલું જોમ છે! કેટલી શક્તિ છે!' ને તે સાથેજ ચાલતી હતી તૈયારી પ્રદર્શનની. ઇશ્વરે માણસને અનેક શકિતઓ આપી છે, તેમાંની કેટલીક શકિત એવી હોય છે કે જેનાથી તે પોતે જ અપરિચિત હોય છે. અજ્ઞાત હોય છે. પણ જ્યારે આવા ઉત્સવનો કોઈ પ્રસંગ સાંપડે છે ત્યારે એ બધી જ શકિતઓ આપોઆપ બહાર આવે છે. વ્યકત થાય છે. ને એ હકીકત બાળકથી માંડીને બારમાં ધોરણ સુધીનાં વિદ્યાર્થીઓમાં અમે આ વૈજ્ઞાનિક અને લલિતકળાના પ્રદર્શનમાં જોઇ વિદ્યાર્થીઓની કલાસૂઝ અને જ્ઞાનપિપાસાની અભિવ્યકિત આ પ્રદર્શનમાં થતી જોઈ.

તે સાથે તા. ૧૪ મીની સવારે યોજાયેલ ભોજન સમારંભ, યોગ્ય સમય થતાં માણસને ભૂખ લાગે છે, અન્નની, તેથી યે માણસની વધુ મોટી ભૂખ હોય છે પ્રેમની....અને ત્યારે ભોજન તો એકમાત્ર નિમિત્ત બને છે. ને તે જોઇ શકાયું આ ભોજન સમારંભમાં. સૌ કોઈ પ્રેમથી હળ્યાં, મળ્યાં, ને પ્રેમથી એકબીજાને પીરસીને સૌ સાથે જમ્યાં, તેનો આનંદ અદ્વિતિય હતો.

તા. ૧૪મીની રાત્રે ૮-૩૦ વાગ્યે સંસ્થાના પટાંગણમાં તૈયાર કરવામાં આવેલ ઓડીટોરીયમમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ થયો. વિદ્યાર્થીઓએ તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ તેમની કલાને સુંદર રીતે અભિવ્યક્ત કરી. મુખ્ય મહેમાન શ્રી પુરષોતમભાઇ માવલંકરના પ્રમુખપદે યોજાયેલ આ કાર્યક્રમમાં સંસ્થામાં સતત ૨૫ વર્ષથી વધુ સેવા આપનાર ભાઇબેનોનું પણ બહુમાન કરવામાં આવ્યું તેમની સેવાઓને બિરદાવવામાં આવી. તા. ૧૫મી ડિસેમ્બરને રાત્રે ૮-૩૦ વાગ્યે શ્રી યશવંતભાઈ શુકલનાં અતિથિવિશેષપદે દર્પણ સંસ્થાનું **'જસમા ઓડણ'** રજૂ થયું. લોકનાટય કલા 'ભવાઇ'નાં ઢાળમાં રજૂ થયેલ આ નાટકે ભારતભરમાં સારી સફળતા પ્રાપ્ત કરેલી છે આ સાથે શ્રી યશવંતભાઇનાં શુભહસ્તે સંસ્થામાં આજદિન સુધી માનદ્ સેવા આપનાર ભાઇબેનોનું સન્માન કરવામાં આવ્યું. તા. ૧૬મી ડિસેમ્બરની રાત્રે શ્રી પુરષોતમભાઈ જલોટાનું ભક્તિસંગીત ડૉ. બિહારીભાઈ કનૈયાલાલના અધ્યક્ષપદે રજૂ કરવામાં આવ્યું આપ્રસંગે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી સંસ્થામાં ૨૫ વર્ષથી ઓછી છતાં વિશિષ્ઠ સેવા આપનાર ભાઇબેનોનું સન્માન કરવામાં આવ્યું. સંસ્થાની હિરક મહોત્સવની આ ઉજવણીમાં તેની પ્રગતિમાં પ્રાણ પૂરનાર સૌ કોઇને યાદ કરવાનો સંસ્થાએ પ્રયત્ન કર્યો ને તે સાથે પ્રેમ અને લાગણીનો એક સેતુ બંધાયો, આ કાર્યમાં, આ પ્રસંગે પ્રગટ કરવામાં કરવામાં આવેલ 'સ્મરણિકા' એ પણ ઘણો સારો ફાળો આપ્યો કે જેણે સંસ્થા સાથે માન અને પ્રેમની લાગણીથી બંધાયેલા વિદ્યાર્થીઓ અને વાલીનાં હૃદયને શબ્દ સ્વરૂપ આપ્યું. તેને વ્યક્ત કરવાની તક આપી.

આ સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઇ ગાંધીનું ઝીણવટભર્યું માર્ગદર્શન અમને મળ્યું છે, તે ઉપરાંત સંસ્થાના મંત્રીઓ શ્રી ચંદ્રકાંતભાઇ, બકુભાઇ અને શ્રી ગૌતમભાઈ ગાંધીએ કાર્યક્રમ સમગ્ર

અનુસંધાન પાન ૩ ઉપર

"Man is Pendulam between Smile and tear"

**આલ્કોક સિમેન્ટ પાઇપ્સ એન્ડ કોક્રીટ વર્કસના સૌજન્યથી....**

તંત્રી, મુદ્રક, પ્રકાશક : હિનુભાઇ દ. દવે, આચાર્ય અને નિયામક, શારદામંદિર, નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
મુદ્રક સ્થળ : વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ અમદાવાદ-૩૮૦ ૦૦૭. ટે. નં. ૪૧૨૭૮૮.